સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટ્રીટયુટ ઓફ ટેકનોલોજી, ઈચ્છાનાથ, સુરત–૭.

# જલાઉ લાકડાની હરાજી કરવા માટેનું ટેન્ડર

## ૨૦૧૧ – ૨૦૧૨

# સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રોદ્યોગિક સંસ્થા,ઇચ્છાનાથ, સુરત–૭.

## –: નિ વિ દા :–

સદર કામના અનુભવી ઠેકેદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રકો નિયામકશ્રી, સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રોદ્યોગિક સંસ્થા, ઇચ્છાનાથ, સુરત તરફથી મંગાવવામાં આવે છે.

| અ.નં | કામની વિગતો | પ્રતિ કિલો ભાવ રૂા. | અંદાજિત વજન | અંદાજિત કુલ રકમ રૂા. | કામની સમયમર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રોદ્યોગિક સંસ્થામાં પડેલા જલાઉ લાકડા લઈ જવાનું કામ. | ૦૩=૦૦ | ૨૧,૦૦૦ કિલો | ૬૩,૦૦૦/- | ૧ માસ |

(૧) ભરેલાભાવપત્રકો આ કચેરીએ તાઃ ૦૬/૦૩ /૨૦૧૨ સુધીમાં કચેરીના સમય દરમ્યાન મળે તે મુજબ સ્વીકારવામાં આવશે. પરંતુ ટપાલ મારફત મોકલેલ ટેન્ડર ગુમ થાય કે નિયત તારીખ વિત્યા બાદ મળશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી. શકય હશે તો આવેલા ભાવપત્રકો તાઃ ૦૯/૦૩/૨૦૧૨ ના રોજ ૩:૦૦ કલાકે ઈચ્છુક હાજર રહેલા ઠેકેદારોની હાજરીમાં જ ખોલવામાં આવશે. પરામર્શ (નેગોશીએશન) જો જરુર હશે તો તેજ દિવસે હોઈ અચૂક હાજર રહેવુ. કોરા ભાવ પત્રકો સંસ્થાની વેબસાઈટ www.svnit.ac.in પર થી મળી રહેશે જેની ખાસ નોંધ લેવી.

(૨) એક યા બધા જ ભાવપત્રકો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવા કે નામંજુર કરવાના સર્વે હકકો નિયામકશ્રીને રહેશે.

નિયામકશ્રી

## સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રોદ્યોગિક સંસ્થા,ઇચ્છાનાથ, સુરત–૭.

ભાવપત્રક માહિતી :

| | | | |
|---|---|---|---|
| ૧. | કામનુ નામ | : | સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રોદ્યોગિક સંસ્થામાં મુકેલા જલાઉ લાકડા લઇ જવાનું કામ. |
| ૨. | અંદાજીત લઘુતમ રકમ | : | રૂ. ૬૩,૦૦૦/– |
| ૩. | ભરેલા ભાવ પત્રકો પરત આપવાનાં છેલ્લી તારીખ | : | તાઃ ૦૬/૦૩/૨૦૧૨ ના રોજ ઓફિસ સમય દરમ્યાન (વહીવટી મકાનમાં) |
| ૪. | ભરેલા ભાવ પત્રકો ખોલવાની તારીખ | : | તાઃ ૦૯/૦૩/૨૦૧૨ ના રોજ ૩ઃ૦૦ વાગ્યે (એસ્ટેટ સેકશનમાં) |
| ૫. | સીકયોરીટી ડીપોઝીટ | : | અંદાજીત લઘુતમ રકમ ના ૧૦% એટલે અંકે રૂ. ૬,૩૦૦/– |
| ૬. | સમય મર્યાદા | : | ૧ માસ |

૭. ઠેકેદારો ને જણાવવામાં આવે છે કે તાઃ <u>૦૯/૦૩/૨૦૧૨</u> ના રોજ ૩ઃ૦૦ વાગ્યે ભરેલા ભાવ પત્રકો ખોલવાના હોવાથી એસ્ટેટ સેકશન બિલ્ડીગમાં હાજર રહેવું. પરામર્શ (નેગોશીએશન) જો જરુર હશે તો તેજ દિવસે હોઈ અચૂક હાજર રહેવું.

૮. સીકયોરીટી ડીપોઝીટ સવારે ૧૦ઃ૦૦ વાગ્યાથી બપોરે ૩ઃ૦૦ વાગ્યા સુધીમાં હિસાબીય શાખામાં જમા કરાવવાની રહેશે.

ડીન
પ્લાનીગ એન્ડ ડેવલોપમેન્ટ

## સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, સુરત

# શરતો

**ટેન્ડર ભરવા માટેની આવશ્યક શરતઃ**

(૧) પાન કાર્ડ નંબર હશે તો જ પાર્ટી ટેન્ડર ભરી શકશે. પાન કાર્ડની ઝેરોક્ષ કોપી વગરનુ ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

(૨) ટેન્ડર ડોકયુમેન્ટમાં ભાવ ભરતા પહેલા એસ્ટેટ વિભાગમાં સંપર્ક કરી કુલ કામની વિગત સ્થળ/સ્થિતનું નિરિક્ષણ કરી મેળવી લેવાની રહેશે.

(૩) ટેન્ડરમાં લખેલો લાકડાનો વજન અંદાજીત છે. ટેન્ડરની કુલ રકમ જલાઉ લાકડાનાં ખરેખર વજન પ્રમાણે જ નિર્ધારિત કરવામા આવશે. એટલા માટે સ્વીકારેલ ઠેકેદારે પોતાના ખર્ચે ખાલી ટેમ્પો અથવા ટ્રકનુ વજન ધરમકાંટાથી એસ.વી.એન.આઇ.ટી.નાં કર્મચારીની હાજરીમાં જ કરાવવો અને ત્યારબાદ જલાઉ લાકડાથી ભરેલા ટેમ્પો અથવા ટ્રકનો વજન એવીજ રીતે કરાવી લેવો.આ પ્રમાણે નિર્ધારિત થયેલા વજનનાં હિસાબે જ કુલ રકમ નિર્ધારિત થશે એના પ્રમાણે સ્વીકારેલ ઠેકેદારે નિર્ધારિત થયેલ રકમ એસ.વી.એન.આઇ.ટી.માં રોકડા એકાઉન્ટ વિભાગમાં જમા કરાવવા અથવા ઠેકેદારને પરત આપવામા આવશે. આ શરતની ઠેકેદારોએ ખાસ નોંધ લેવી.

(૪) જે પાર્ટીનુ ટેન્ડર ઊંચાભાવનું હશે તે પાર્ટીને કામ આપવામાં આવશે. આ બાબતે કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

(૫) સ્વીકારેલ કોન્ટ્રાકટની કુલ રકમ (૧૦૦%) તથા સીકયોરીટી ડીપોઝીટ ની રકમ વર્ક ઓર્ડર મળ્યા પછી તરત જ બીજા દિવસે ઓફીસ સમય દરમિયાન (૧૦:૦૦ થી ૩:૦૦ વાગ્યા સુધીમાં) રોકડા એકાઉન્ટ વિભાગમાં જમા કરાવી, રસીદની એક ઝેરોક્ષ એસ્ટેટ વિભાગમાં, અને એક ઝેરોક્ષ સીકયુરીટી ડિપાર્ટમેન્ટને આપ્યા પછી જ જલાઉ લાકડા લઈ જવાની પરવાનગી આપવામાં આવશે.

(૬) જલાઉ લાકડા ઉપાડતી વખતે દરેક ટ્રક કે ટેમ્પો માટે એસ્ટેટ વિભાગ પાસેથી ગેટ પાસ લઈને અને સિકયુરીટીને મેઈનગેટ પર બતાવીને ટ્રક કે ટેમ્પો બહાર જવા દેવામાં આવશે.

(૭) ટેન્ડરની રકમ ભર્યા પછી નિર્ધારીત સમય મર્યાદામાં નકકી કરેલા સંપુર્ણ જલાઉ લાકડા ઉઠાવી લેવાના રહેશે અને જગ્યા સાફ સફાઈ કરીને આપવાની રહેશે.

(૮) આપે ભરેલ ભાવો સીલબંધ કવરમાં આ સાથે જોડેલ બિડાણમાં ટેન્ડર ડોકયુમેન્ટમાં આપેલ સમય મર્યાદા ફકત ૦૬/૦૩/૨૦૧૨ ના રોજ ઓફીસ સમય દરમ્યાન જમા કરાવવાના રહેશે. આ નકકી કરેલા સમય પછી ભાવપત્રક જમા કરાવશો તો ટેન્ડર રદબાતલ થશે. **ભાવપત્રકનાં કવર ઉપર " જલાઉ લાકડાનો ભાવ" એમ સ્પષ્ટ અક્ષરે લખવું. શનિવારે તથા રવિવારે ઓફિસ બંધ રહશે.**

(૯) પાર્ટીને સીકયુરીટી ડીપોઝીટની રકમ કોન્ટ્રાકટ પુરો થયેથી પરત કરવામાં આવશે.

(૧૦) ઓછામાં ઓછી અંદાજીત કિંમત રૂા. ૬૩,૦૦૦/– રાખવામાં આવી છે.

(૧૧) પાર્ટીએ તેમનાં સ્વખર્ચે જલાઉ લાકડા ઉપાડવાનો તથા તેનો નિકાલ કરવાનો રહેશે. સદર વસ્તુ ઉપાડતી વખતે સંસ્થાની મિલકતને નુકસાન ન થાય કે જાનહાની ન થાય તેની સંપૂર્ણ કાળજી લેવાની રહેશે. અને જો તેમ કરવામાં કસુરવાર લાગશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૨ ) પાર્ટીએ નકકી કરેલા જલાઉ લાકડાનો જથ્થો જ ઉપાડવાનો રહેશે. અને જો આ સિવાયના ભંગાર અથવા અન્ય ચીજવસ્તુઓ ઉપાડતા ઘ્યાનમાં આવશે તો પાર્ટીની સીકયુરીટી ડીપોઝીટ માંથી વસુલ કરવામાં આવશે અથવા તેનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૩) જલાઉ લાકડાઓ એસ્ટેટ વિભાગની સુચના પ્રમાણે ઉપાડવાના રહેશે.

(૧૪) આપે ભરેલા ભાવો કે મોડા આવેલા ભાવો સ્વીકારવા કે તમામ ટેન્ડરો કારણ દર્શાવ્યા વગર રદ કરવાનો અધિકાર આ સંસ્થાના નિયામકશ્રીનો રહેશે.

(૧૫) આ બાબતમાં કોઈપણ વાંધો પડે તો તેનો નિકાલ સુરત કાયદેસરની હકુમત હેઠળ કરવામાં આવશે

(૧૬) જલાઉ લાકડાઓ જે સ્થળે મુકેલ છે તે જગ્યા પાર્ટીએ ફકત ઓફીસ સમય દરમ્યાન જાતે જોઈ, તપાસી લેવાનો રહેશે અને તે અનુસાર ભાવ ભરવાનો રહેશે.

**(૧૭) ટેન્ડરમાં ભાવો આકડામાં અને શબ્દોમાં સ્પષ્ટ અક્ષરોથી ભરવાના રહેશે. જો તેમાં કોઈ પણ પ્રકારનો તફાવત જણાશે તો, ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. જેથી પાર્ટીએ ભાવ ભરવામાં વિશેષ ઘ્યાન આપવું.**

**(૧૮) પાર્ટીના સહી, સિકકા વગરનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.**

**નિયામકશ્રી**

ઉપરની શરતો નંબર ૧ થી ૧૮ અમોએ ઘ્યાનથી વાંચી છે અને અમોને કબુલ મંજૂર છે.

**પાર્ટીની સહી ------------------------------------------**

**નોંધ : સંસ્થાનો એકત્ર કરેલ જલાઉ લાકડાઓ નીચે દર્શાવેલ સ્થાનમાં છે.**

**(૧) નવી બંધાયેલ ઇ ટાઇપ ક્વાર્ટસની બાજુમાં**

**(૨) એસ્ટેટ સેકશન બિલ્ડીગની બાજુમાં**

## સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટ્રીટયુટ ઓફ ટેકનોલોજી, સુરત–૭.

# ભાવ પત્રક

કોન્ટ્રાકટની વિગત :–

**સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટ્રીટયુટ ઓફ ટેકનોલોજીમાંથી જ્લાઉ લાકડાઓ લઇ જ્વાનું કામ.**

કુલ રકમ (આંકડામાં) રૂા. ......................

(શબ્દોમાં)

......................................................................
......................................................................

________________

સ્થળ: સુરત પાર્ટીની સહી તથા સિકકો

તારીખ :

સરનામું : ________________
________________
________________
________________